ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૨ અંક ૨૯૫ તારીખ ૧૩-૦૮-૨૦૧૬ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા




## મુખ્ય ફેન્સી મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં જ રહેશે

રાજ્યસભામાં જીએસટીનો ખરડો રજૂ થાય અને તે ખરડો પસાર થશે કે કેમ તે અનિશ્ચિતતાને કારણે સોમવાર, મંગળવાર અને બુધવારે બજારમાં નબળાઈનો તબક્કો જોવાયો હતો. અગ્રણી ટીવી ચેનલ ઉપર જીએસટી ખરડા અંગે કોંગ્રેસ સહમત થઈ ગઈ છે તેવા સમાચાર તો સોમવાર રાત્રે જ ચમકી ગયા હતા અને આ પોઝિટીવ સમાચાર હોવા છતાં પણ મંગળવારે બજાર દબાયું હતું અને બુધવારે રાત્રે ખરડો પસાર થવાનો છે તે સમાચાર છતાં પણ સમગ્ર દિવસ દરમ્યાન સેન્સેક્સ અને નિફ્ટીમાં બેતરફી વધઘટનો તબક્કો જોવાયો.

બુધવારે રાત્રે જીએસટીનો ખરડો પસાર થઈ ગયા પછી સેન્ટીમેન્ટ મજબૂત બની ગયું હતું અને તેને કારણે ગુરૂવારે ઝડપથી બજાર ઉંચકાયા પછી ફરી પાછું દિવસને અંતે વેચવાલીનું ભારે દબાણ આવી ગયું અને જીએસટીનું પાસું ડિસ્કાઉન્ટ થઈ ગયું છે તેવી ચર્ચાઓ ચાલી હતી.

પરંતુ સામે પક્ષે શુક્રવારે તો નાણાંમંત્રીએ જીએસટીનો અમલ ૧ એપ્રિલ, ૨૦૧૭થી કરી દેવાશે તેવી જાહેરાત કરી દીધી છે. જીએસટીને કારણે ભારતના અર્થતંત્રમાં જીડીપી લગભગ એકથી દોઢ ટકા ઉંચકાઈ જશે તેવી અપેક્ષા છે અને આ ડેવલપમેન્ટને કારણે અનેક કંપનીઓના લોજિસ્ટિક ખર્ચા ઘટશે અને વ્યાજ બોજો પણ ઓછો થશે તે સંભાવના જોવાય છે.

### સેન્સેક્સ અને નિફ્ટી તેના નવા ટોપ તરફ આગળ વધતા જાય છે

સામે પક્ષે ફુગાવો વધી જશે તેવી દલીલ પણ કેટલાક એનાલિસ્ટોએ શરૂ કરી છે અને તેથી વાસ્તવમાં શું થાય છે તે તો એપ્રિલ મહિના પછી જ જાણી શકાશે, પરંતુ આ ઐતિહાસિક ખરડો હતો અને તે પસાર થઈ જતાં હવે વિદેશી રોકાણકારોનું ભારત તરફનું આકર્ષણ વધશે તે સંભાવના ખૂબ મજબૂત છે.

સેન્સેક્સ અને નિફ્ટી તેના નવા ટોપ તરફ આગળ વધતા જાય છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ અમેરિકન શેરબજારમાં ડાઉજોન્સે નવું ઐતિહાસિક ટોપ બતાવી દીધું છે. અમેરિકામાં રોજગારીના અને અન્ય આંકડાઓનો મજબૂત સપોર્ટ મળ્યો છે અને તેની અસર નીચે ભારતમાં પણ બજાર તેજીમય રહેવાની ગણતરી છે.

પરંતુ આ વખતે સેન્સેક્સ અને નિફ્ટીના શેરો ભલે થોડાંઘણાં વધે પરંતુ મુખ્ય ફેન્સી મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં જ રહેશે.

છેલ્લાં થોડાં અઠવાડિયાથી **બાયોકોન**નો શેર સતત લેવડાવીએ છીએ. એક તબક્કે રૂ. ૭૦૦૦ આસપાસ પ્રોફીટ બુકીંગની વાત કરેલી પરંતુ ફરી પાછો આ શેર નવી તેજીમાં દાખલ થઈ જતાં પકડી લેવાનું કહ્યું હતું. બાયોકોન અત્યારે રૂ. ૮૩૭ ઉપર આવી ગયો છે અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૮૫૦-૮૬૦નો ભાવ આવવાની ગણતરી છે.




**એપોલો ટાયર**ના શેરમાં પણ અત્યારે સુંદર ફેન્સી છે અને સ્ટીલ ઉદ્યોગ પછી સરકાર ટાયર ઉદ્યોગ માટે એન્ટી ડમ્પીંગ ડ્યૂટી લાદે તે સંભાવના જોવાય છે. રૂ. ૧૭૫ ઉપર આવી ગયેલા એપોલો ટાયરમાં આવતાં થોડાં દિવસોમાં રૂ. ૧૯૦ના ભાવની સંભાવના મજબૂત છે. પરંતુ એપોલો ટાયર એક વખત તેનું આગળનું ટોપ રૂ. ૨૨૧-૨૨૪ પસાર કરે તે ખૂબજ મહત્ત્વનું છે અને તે પછી જ આ શેર લાંબી મજબૂત તેજીમાં દાખલ થયેલો કહેવાશે.

**જેકે ટાયર**ના શેરમાં પણ અત્યારે ફેન્સી વધતી જાય છે. રૂ. ૧૦૨.૫૫ ઉપર આવી ગયેલા આ શેરમાં છેલ્લાં થોડાં દિવસોમાં એમ તો ભાવ ખૂબજ વધી ગયો છે. જેકે ટાયર નોર્મલ રીતે રૂ. ૮૦-૮૨ ઉપર પડી રહેલો અને અત્યારે રૂ. ૧૦૨ ઉપર છે. હજી પણ તેમાં રૂ. ૧૧૦ સુધી ભાવ જવાની સંભાવના મજબૂત છે.

રૂ. ૩૭૦૬૮ ઉપર મળી રહેલા **એમઆરએફ**ના શેરમાં પણ તોફાની તેજી શરૂ થઈ ગઈ છે. આ શેર સામાન્ય રીતે રૂ. ૫૦૦-૭૦૦ની વધઘટ બતાવે છે અને નવા અઠવાડિયામાં ધીરે ધીરે રૂ. ૩૮૦૦૦-૩૯૦૦૦ ઉપર આવી જાય તો નવાઈ નહીં લાગે.

**દિવાન હાઉસિંગ**માં એનસીડી ઈશ્યૂ હિસ્સો ભરાઈ ગયો અને અગાઉ રૂ. ૧૯૮ ઉપર લેવડાવતાં હતાં તે શેર અત્યારે રૂ. ૨૪૭ ઉપર આવી ગયો છે અને હવે નવા કોઈ પોઝિટીવ સમાચારો નથી દેખાતા. રૂ. ૫૦ વધી ગયેલા આ શેરમાં હવે પ્રોફીટ બુકીંગ શરૂ કરી દેવાય. ભલે બીજા રૂ. ૧૦-૧૫ વધે, પરંતુ તે કમાવાનો ચાન્સ બીજાને આપવો સલામતરૂપી રહેશે.

ગયા અઠવાડિયે **હેવલ્સ**નો શેર પકડી લેવાનું પ્રથમ પાનાના એનાલિસિસમાં કહ્યું હતું અને હેવલ્સ અત્યારે રૂ. ૪૦૬ ઉપર આવી ગયો છે. શેર લઈને મૂકી દેવાય. હજી પણ આ શેરમાં સુંદર ઉછાળા સાથે રૂ. ૪૨૦-૪૩૦ વચ્ચે ભાવ આવી જવાની ગણતરી છે.

**એલએન્ડટી ફિનાન્સ હોલ્ડિંગ**નો રૂ. ૮૭વાળો શેર લઈને મૂકી દેવાય. આગામી દિવસોમાં આ શેરમાં મજબૂત ઉછાળા સાથે રૂ. ૯૭ના ભાવની ગણતરી છે. શેર આ વખતે લાંબી તેજીમાં દાખલ થયો છે અને તેથી રૂ. ૧૦૦ કૂદાવ્યા પછી પણ તેજી અકબંધ રહેવાની ગણતરી છે.

ટાટાની **વોલ્ટાસ** પણ લાંબી તેજીમાં દાખલ થઈ ગયો છે. વોલ્ટાસ અત્યારે રૂ. ૩૪૮ ઉપર છે અને આગામી દિવસોમાં તેમાં ધીરે ધીરે રૂ. ૩૭૦નો ભાવ આવવાની સંભાવના છે.

સામે પક્ષે રૂ. ૬૬૫ના ભાવે **ઈન્દ્રપ્રસ્થ ગેસ**ના શેરમાં હજી મજબૂત ઉછાળા સાથે રૂ. ૭૦૦નો ભાવ મુંબઈના ખેલાડીઓ જોઈ રહ્યા છે અને તેથી થોડાંક શેરો લઈને મૂકી શકાય.

ફાર્મા સેક્ટરમાં **વોકાર્ટ** રૂ. ૧૦૧૫ ઉપર છે. ગયા અઠવાડિયે રૂ. ૧૦૦૦માં આ શેર લેવાનું કહ્યું હતું અને આ અઠવાડિયાની વધઘટ દરમ્યાન નેટ રૂ. ૧૫નો ઉછાળો તેણે આપ્યો. થોડાં શેર લઈને મૂકી દેવાય.

**ઈન્ડિયા સિમેન્ટ** ધીરે ધીરે અપટ્રેન્ડમાં આગળ વધી રહ્યો છે




**ઈન્ડિયા સિમેન્ટ** ધીરે ધીરે અપટ્રેન્ડમાં આગળ વધી રહ્યો છે. છેલ્લાં ૨ મહિનાથી દક્ષિણ ભારતના આ સિમેન્ટ શેરમાં તેજીનો સંકેત આપીએ છીએ. અત્યારે રૂ. ૧૨૩ ઉપર છે અને વેચવાની ઉતાવળ ના કરાય. ધીમા સુધારા સાથે રૂ. ૧૩૩ અને તે પછી રૂ. ૧૪૦નો ભાવ બતાવે તે સંભાવના મજબૂત છે. થોડાં શેરો લઈને મૂકી દો.

છેલ્લાં ૨ અઠવાડિયાથી **બેન્ક ઓફ ઇન્ડિયા** અને **સ્ટીલ ઓથોરિટી**ના શેર લેવાનું કહીએ છીએ. પરંતુ છેલ્લાં ૨ અઠવાડિયા દરમ્યાન આ બંને શેરો બેતરફી વધઘટ સાથે રૂ. ૧૧૧ અને રૂ. ૧૪૮ ઉપર જળવાઈ રહ્યા છે. પરંતુ અત્યારે આ બંને શેરોમાં મજબૂત તેજીના ચક્રો ઊભા થઈ રહ્યા છે અને તેથી બંને શેરોને ધ્યાનમાં રખાય. બંને કાઉન્ટરો ઉપર લગભગ ૭૦થી ૮૦ લાખ શેરોનું સુંદર વોલ્યુમ થવા લાગ્યું છે.

તેવી જ રીતે રૂ. ૩૦૩ના ભાવે **ટીવીએસ મોટર્સ**નો શેર ધીરે ધીરે કવર કરવા લાગજો અને આ શેરમાં પણ મજબૂત વૃદ્ધિની ગણતરી છે.

**જેપી એસોસિએટ્સ** અત્યારે રૂ. ૧૨.૨૦ ઉપર છે અને તે શેરમાં લાંબી તેજીની શરૂઆત થયાના સંકેત મળી રહ્યા છે.

અને આવતાં થોડાં દિવસોમાં આ શેરમાં વધારે તીવ્ર ઘટાડાની અને વેચવાલીના દબાણની ગણતરી છે. તેવી જ રીતે **જ્યુબિલન્ટ ફૂડવર્ક્સ**માં પણ વેચવાલીનું દબાણ શરૂ થઈ ગયું છે. અત્યારે રૂ. ૧૧૭૨ ઉપર છે અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૧૧૦૦નું લેવલ તોડી નાંખે તો નવાઈ નહીં લાગે. જ્યારે **જસ્ટડાયલ** મંદીની બરાબર પક્કડમાં આવી ગયો છે. અત્યારે રૂ. ૪૬૬ ઉપરના આ શેરમાં આગામી દિવસોમાં હજી ભાવ વધારે તૂટે તો નવાઈ નહીં લાગે.

સામે પક્ષે **અદાણી પાવર**માં ઘટાડાનો તબક્કો પૂરો થયાનો સંકેત આપેલો. શુક્રવારે રૂ. ૨૭.૧૦ બંધ આવ્યો છે અને તેમાં નવા અઠવાડિયામાં જો તેજીની ચાલ જળવાય તો શેરમાં દાખલ થઈ જવું અને તેવી જ રીતે **અશોક લેલેન્ડ**માં પણ કરેક્શનનો તબક્કો પૂરો થયો છે. શુક્રવારે આ શેર સહેજ વધીને રૂ. ૮૮ ઉપર આવ્યો અને આ શેરમાં પણ હવેના તબક્કે નવા અઠવાડિયામાં જો પોઝિટીવ ચાલ રહે તો તેમાં એક્સપોઝર વધારી શકાય.

શોર્ટટર્મ ખેલાડીઓ રૂ. ૬૧૭વાળા **સીઈએસસી**ના શેર અંગે આશાવાદી છે અને આગામી દિવસોમાં ધીરે ધીરે રૂ. ૬૪૦નો ભાવ આવવાની સંભાવના મજબૂત છે.

એકદમ ફુદ્દા શેરોમાં રૂ. ૫૧ ઉપરનો **મુકુંદ**નો શેર ધ્યાનમાં રખાય. અગાઉ વિરેન શાહની કંપની હતી પરંતુ હવે મુકુંદ બજાજ ગ્રૂપ હસ્તક આવી ગઈ







**જૈન ઇરિગેશન** અત્યારે રૂ. ૭૪ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેર પણ લાંબી તેજીમાં આગળ વધવાની ગણતરી છે અને તેથી રોકાણ જાળવી શકાય.

**યૂનિયન બેન્ક** રૂ. ૧૩૭ ઉપર છે અને આ શેરમાં પણ લાંબી મજબૂત તેજીની સંભાવના છે. થોડાંક શેરો લઈને મૂકી દેવાય.

ગયા અઠવાડિયા દરમ્યાન **રિલાયન્સ કેપિટલ** અને **રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રકચર**ના શેર પકડવાનું કહ્યું હતું અને અઠવાડિયા દરમ્યાન બેતરફી નાની વધઘટ સાથે આ બંને શેરોમાં ખાસ કોઈ રિટર્ન નથી છૂટ્યું તેમ છતાં આ બંને શેરો હજી પણ મજબૂત તેજના સંકેત આપતા હોવાથી તેને જાળવી શકાય.

શોર્ટટર્મ ખેલાડીઓ **કર્ણાટક બેન્ક**માં હવે પ્રોફીટ બુકીંગમાં દાખલ થઈ ગયા છે. ઘટીને રૂ. ૧૪૩ ઉપર આવ્યો છે અને બજાજ ઓટો આ કંપનીના માધ્યમથી ઈન્ફ્રાસ્ટ્રકચરના પ્રોજેક્ટો કરી રહ્યું છે. શેરને ધ્યાનમાં રખાય. શોર્ટટર્મમાં રૂ. ૧૦નું પત્તું આપી જવાની ગણતરી.

રૂ. ૪૩-૪૪ના ભાવે મળતો **ગેલન્ટ મેટલ**નો શેર પણ ધ્યાનમાં રાખજો અને તે શેરમાં પણ આગામી દિવસોમાં સુંદર ઉછાળાની જગ્યા દેખાય છે. જ્યારે અમદાવાદની **લિંકન ફાર્મા**નો શેર અત્યારે રૂ. ૨૦૯ ઉપર છે અને તે શેરમાં હવે વધારે ન ખેંચતા પ્રોફીટ બુકીંગ શરૂ કરતા જવાય.

શોર્ટટર્મ ખેલાડીઓનું ફોકસ **ભારતફોર્જ**ના શેર ઉપર શિફ્ટ થયું છે. અત્યારે ભારતફોર્જ રૂ. ૮૧૪ ઉપર છે અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૮૫૦નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

તેવી જ રીતે રૂ. ૧૪૧ના ભાવે

Chanakya Android Apps

૬ દિવસની ફ્રી ટ્રાયલ

દેશનાં ટોચનાં ઈન્વેસ્ટમેન્ટ વીક્લી ચાણક્ય દ્વારા

**બજારનાં આવતી કાલના અંદાજ માટે**

આજે જ તમારા એન્ડ્રોઈડ ફોનમાં ફ્રી ડાઉનલોડ કરો...

દેશની એકમાત્ર એન્ડ્રોઈડ ફોન એપ્સ !

વધુ માહિતી માટે 09824900644

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

**મગજમારી ભેજામારી**

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો







## SHRI JAGDAMBA POLYMERS LIMITED

**CIN : L17239GJ1985PLC007829**
REGD. OFFICE : 802, NARNARAYAN COMPLEX, NEAR NAVRANGPURA POST OFFICE NAVRANGPUR 380009, AHMEDABAD .GUJARAT.
**Email: admin@jagdambapolymers.com, Website: www.shrijagdamba.com**
**Tele No :- 079 26565792, Fax No. 079-26430201**

**Unaudited Financial Results for the Quarter Ended on 30.06.2016**

(Rs. In Lacs )

| SR. | PARTICULARS | Quarter Ending on 30.06.2016 (Unaudited) | Year Ended on 31.03.2016 (Audited) | Corresponding 3 months ended in the previous year 30.06.2015 (Unaudited) |
|---|---|---|---|---|
| 1 | Total income from operations (net) | 4218.47 | 12262.71 | 3500.93 |
| 2 | Net Profit for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 174.43 | 742.02 | 128.88 |
| 3 | Net Profit for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 174.43 | 742.02 | 128.88 |
| 4 | Net Profit for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 104.43 | 502.38 | 88.88 |
| 5 | Total Comprehensive income for the period (Comprising Profit for the period (after Tax) and other Comprehensive income (after Tax) | 104.43 | 502.38 | 88.88 |
| 6 | Equity Share Capital | 88.13 | 88.13 | 88.13 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Balance Sheet of the previous year) | - | 2098.16 | - |
| | Earnings Per Share (before and after extraordinary items) (of Rs. 10/- each) | 11.92 | 57.36 | 10.15 |
| | Basic / Diluted: | 11.92 | 57.36 | 10.15 |

Note: The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange website i.e. www.bseindia.com and company website www.shrijagdamba.com

For Shri Jagdamba Polymers Ltd.
Sd/-
Krushang Shah
( Company Secretary)

Date : 12.08.2016
Place : Ahmedabad

## DYNAMIC INDUSTRIES LIMITED

**CIN : L24110GJ1989PLC011989**
**Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445**
**Tel : 25897221-22-23, Fax: 25834292**
**Email : accounts@dynaind.com Website : www.dynaind.com**

**EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30TH JUNE, 2016**

(Rs. In Lakhs except earning per share)

| PARTICULARS | Quarter Ended 30.06.2016 | Quarter Ended 30.06.2015 |
|---|---|---|
| Total Income from the operations (net) | 1271.23 | 764.91 |
| Net Profit/(Loss) from ordinary activities after tax | 50.61 | 36.40 |
| Net Profit/(Loss) for the period after Tax (after Extraordinary items) | 50.61 | 36.40 |
| Equity Share Capital | 302.85 | 302.85 |
| Reserves (excluding Revaluation Reserve as per Balance Sheet of previous year) | 1652.89 | 1464.40 |
| Earning per share (before extraordinary items) (of Rs.10 each) | | |
| Basic | 1.67 | 1.20 |
| Diluted | 1.67 | 1.20 |
| Earning per share (after extraordinary items) (of Rs.10 each) | | |
| Basic | 1.67 | 1.20 |
| Diluted | 1.67 | 1.20 |

**Notes:**

1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results as on 30th June, 2016 are available on the Stock Exchange website (http://www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/) and on website of the company at (http://dynaind.com/investors_zone.html).
2. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 11th August, 2016.

For, Dynamic Industries Ltd.
Sd/-
Deepak N. Chokshi
Managing Director
DIN : 00536345

Date : 11th August ,2016
Place : Ahmedabad

## ગ્રે માર્કેટ

૩જી ઓગસ્ટે દિલીપ બિલ્ડકોનનો અને ૪થી ઓગસ્ટે એસપી એપરલ્સનો આઈપીઓ બંધ થયો અને અપેક્ષા મુજબ દિલીપ બિલ્ડકોનના આઈપીઓમાં સંસ્થાકીય ઈન્વેસ્ટરો અને હાઈનેટવર્થ ઈન્વેસ્ટરોના સુંદર સપોર્ટને કારણે તે ઈશ્યૂ તરી ગયો છે. પરંતુ સામે પક્ષે પીટુ ટી સેગમેન્ટમાં લિસ્ટીંગ થવાનું છે અને દરેક વખતે ૫ ટકાની સર્કિટ લાગતી રહેશે અને ખાસ કમાવવાનું નહીં મળે તે સંભાવના પાછળ એસપી એપરલ્સના આઈપીઓને એચએનઆઈ અને રિટેલ ઈન્વેસ્ટરોએ સદંતર અવગણ્યો હતો.

એસપી એપરલ્સમાં સંસ્થાકીય હિસ્સામાં કેવળ ૧૯.૪૦ લાખ શેરો જ ઓફર થયા હતા અને તે હિસ્સો માંડ ૨.૨૧ગણો જ ભરાયો છે અને તે રીતે સંસ્થાકીય ઈન્વેસ્ટરો કે જેઓ સહેજ લાંબાગાળાના એંગલથી રોકાણ કરે છે તેમને પણ આકર્ષવામાં આઈપીઓને સફળતા નહોતી મળી. જ્યારે હાઈનેટવર્થમાં કેવળ ૧૩.૮૫ લાખ શેરો જ ઓફર થયા હતા અને આવો નાનો હિસ્સો હોવા છતાં પણ તે પોર્સનમાં માંડ ૫.૧૦ગણું ભરણું જ થયું છે અને તે દર્શાવે છે કે હાઈનેટવર્થ રોકાણકારોને પણ વ્યાજ કોષ્ટકથી અરજી કરવામાં રિટર્ન સામાન્ય રહેશે તે સંભાવના છે.

રિટેલમાં ૩૨.૩૨ લાખ શેરો ઓફર થયા છે અને તે હિસ્સો ૧.૯૦ગણો ભરાયો. રિટેલ ઈન્વેસ્ટરોમાં વાસ્તવમાં તો ગ્રે માર્કેટમાં જે રીતે કામકાજ ઠંડા પડી ગયેલા તેને કારણે આકર્ષણ અદશ્ય થઈ ગયેલું. ૨જી અને ૩જી ઓગસ્ટે તો એક તબક્કે ગ્રે માર્કેટમાં કોઈ જ કામકાજ નહોતા અને કોઈ જ પ્રિમિયમ બોલાતું નહોતું પરંતુ ૪થી ઓગસ્ટ એટલે કે ઈશ્યૂ બંધ થવાના છેલ્લા દિવસે રૂ. ૭થી રૂ. ૯ના ગ્રે માર્કેટના સોદા પડ્યા હતા અને તે પાછળ અને કંઈક ફંડામેન્ટલ સારા હોવાને કારણે આઈપીઓ ૨.૬૬ગણો ભરાયો છે. પરંતુ તે પછી એસપી એપરલ્સમાં ગ્રે માર્કેટમાં પ્રિમિયમ ઉંચકાયું છે અને ૫મી ઓગસ્ટે રૂ. ૧૫થી રૂ. ૧૭નું પ્રિમિયમ બોલાતું હતું. જ્યારે છઠ્ઠી ઓગસ્ટે રૂ. ૧૭નું પ્રિમિયમ થઈ ગયું અને તે પછી ૮મી અને ૯મી ઓગસ્ટે એસપી એપરલ્સમાં રાજકોટ સેન્ટરમાં રૂ. ૨૨થી રૂ. ૨૩ના ભાવના સોદા હતા જ્યારે અમદાવાદના સાકર બજારમાં રૂ. ૨૦-૨૧ના ભાવના સોદા થતા હતા,

ચાણક્યના બ્લોગ ઉપર એસપી એપરલ્સમાં શું ભાવ આવશે એ માટે પોલ મૂકવામાં આવેલો છે અને તેમાં ૪૦ ટકા પ્રતિભાવો દર્શાવે છે કે આ શેરમાં રૂ. ૨૮૧થી રૂ. ૨૯૦ વચ્ચે લિસ્ટીંગ થશે,

૩જી ઓગસ્ટે બંધ થયેલા દિલીપ બિલ્ડકોનના આઈપીઓમાં પ્રથમ દિવસથી જ સંસ્થાઓ અને એચએનઆઈનો સોલિડ રિસ્પોન્સ રહ્યો હતો. દિલીપ બિલ્ડકોનમાં પણ અપર પ્રાઈસબેન્ડ તેની અત્યારની કમાણીને પૂરેપૂરું ડિસ્કાઉન્ટ કરે છે તેવા અનેક એનાલિસ્ટોના મંતવ્ય છતાં અત્યારના આઈપીઓ માર્કેટના તેજીમય વાતાવરણને કારણે લિસ્ટીંગ વખતે પૈસા મળશે તે ધારણાને કારણે એચએનઆઈએ આ ઈશ્યૂને ૭૯.૬૪ગણો ભરી નાંખ્યો છે. જ્યારે સંસ્થાઓનો હિસ્સો ૯.૭૬ગણો ભરાયો છે. પરંતુ દિલીપમાં પણ ગ્રે માર્કેટ પ્રિમિયમ એકદમ ઘટી ગયું હોવાથી રિટેલ ઈન્વેસ્ટરોનો ૧.૦૬ કરોડ શેરોનો હિસ્સો ૨.૩૫ગણો ભરાયો હતો અને રિટેલ હિસ્સાનું મોટું કદ જોતાં આ ભરણું યોગ્ય કહી શકાય. એકંદરે દિલીપ બિલ્ડકોનમાં ૨૦.૯૫ગણું ભરણું થઈ ગયું છે અને તેમાં આઈપીઓ બંધ થયા પછી પ્રિમિયમ અમુક સેન્ટરોમાં ઘટીને રૂ. ૧૨થી રૂ. ૧૫ ૫મી ઓગસ્ટે બોલાયું હતું, પરંતુ તે પછી ચાણક્ય દ્વારા લિસ્ટીંગનો અંદાજ જાહેર કરાતાં પ્રિમિયમ માર્કેટમાં સુધારો આવ્યો .